ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૬૭/૧૯–૨૦/ ૭૧૫ તારીખ : 10 JAN 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૬૭/૧૯–૨૦

પ્રતિ,
**શ્રી ઈશાન ગાંધી,**
C/o. કેમી કોલોઈડસ,
સર્વે નં.૪૪, પ્લોટ નં.૨,
વાવરડા રોડ, મુ.કંસારી,
તા.ઉના.
**મો.નં. ૮૩૪૭૬ ૩૯૭૬૧.**

**વિષય : અનિયમીત પાવર સપ્લાય અને તેને લીધે થતા નુકશાન અંગે**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.નીલ. અત્રેની કચેરીને મળ્યા તા.૨૩/૦૯/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૭/૧૯–૨૦/૩૮૭૪ તા.૦૧/૧૦/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૭/૧૯–૨૦/૩૯૯૩ તા.૧૦/૧૦/૨૦૧૯.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૭/૧૯–૨૦/૪૯૩૧ તા.૦૭/૧૨/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૧/૧૨/૨૦૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ઉના.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટાવિભાગીય કચેરી, **ધોકડવા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર - ૬૭/૧૯-૨૦** ☜

વાદી :- શ્રી ઈશાન ગાંધી C/o. કેમી કોલોઈડ્સ

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ**:- ૨૧.૧૨.૨૦૧૯ ◈

હાજર રહયા :- શ્રી ઈશાન ગાંધી – (વાદી પોતે)

પ્રતિવાદી :- શ્રી એમ. વી. બાંભણીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, ઉના.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ઈશાન ગાંધી C/o. કેમી કોલોઈડસ, મુ.કંસારી, તા.ઉનાની અનિયમીત પાવર સપ્લાય અને તેને લીધે થતા નુકશાન બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૭/૧૯-૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં.બીઝેડ/ફોરમ/૬૭/૧૯-૨૦/૩૮૭૪ તા.૦૧.૧૦.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૧.૧૦.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં વાદી હાજર રહેલ નહી. ત્યારબાદ તા.૨૧.૧૨.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી ઈશાન ગાંધી પોતે તથા પ્રતિવાદી તરફે શ્રી એમ. વી. બાંભણીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, ઉના ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:- ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ઉના તાલુકાના કંસારી ગામમાં વાવરડા રોડ ઉપર અમારી ફેકટરી આવેલ છે, તે સોમનાથ ફીડરમાં આવેલી છે. અમારી ફેકટરીને બે વર્ષ થયા છે પરંતુ પાવર સપ્લાયના પ્રોબ્લેમ કાયમી હોય, સોલ્વ થતા નથી. અઠવાડીયામાં ચાર થી પાંચ વખત પાવર બંધ રહેતો હોય છે.

૧.૨ કમ્પ્લેઈન વિભાગમાં ફોન ઉપાડતાં નથી અને કોઈકવાર ઉપાડે તો અમને ખબર નથી.

૧.૩ જુનીયર એન્જીનયીર શર્મા સાહેબ તથા માલવીયા સાહેબ ધોકડવા સબ ડીવીઝન તરફથી સંતોષકારક જવાબ મળતો નથી મોટે ભાગે ફોન ઉપાડતાં નથી.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૪ આપશ્રી ગુજરાત વીજ નિગમ ૨૪ કલાક પાવર સપ્લાયની જાહેરાત કરો છો પરંતુ પાવર સપ્લાય આપતા નથી. અમારી ફેકટરી છ માણસો તથા પ્રોડકશનમાં બહુ જ નુકશાન થાય છે.

૧.૫ ફેકટરીમાં થતી નુકશાનીની જવાબદારી કોની તે આપશ્રી નકકી કરી અમોને ન્યાય મળે તેવી અપેક્ષા.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ શ્રી ઈશાન સુર્યકાન્ત ગાંધી જે ગ્રાહક નં.૮૩૯૧૦/૦૦૯૦૦/૪ થી ફેકટરી ૧૧ કેવી સોમનાથ જેજીવાય ફીડરમાં આવેલ છે. સદર જયોતિગ્રામ ફીડરમાં કંસારી, વાવડા, ભડીયાદર, મેંણ, ગુંદાળા, પડાપાદર વગેરે ગામોને વીજપુરવઠો પુરો પાડવામાં આવે છે. જેમાં ઘર વપરશ, દુકાન, વ્યવસાયિક, ઈન્ડસ્ટ્રીયલ પથ્થરની ખાણ તેમજ હીરાઘંટી જેવા ગ્રાહકોનો સમાવેશ થાય છે.

૨.૨ નાયબ ઈજનેર, ધોકડવાના પત્રમાં જણાવ્યા મુજબ સદર નેટવર્કમાં ગ્રાહકોને પડેલ મુશ્કેલી એટલે કે તેઓની કમ્પલેઈન દુર કરવા માટે બળી ગયેલ ટ્રાન્સફોર્મર બદલવા માટે તેમજ ફીડરમાં કોઈપણ આકસ્મીક ફોલ્ટ સર્જાતા તેને દુર કરવા માટે લાઈન બંધ કરી કામ કરવું ફરજીયાત થઈ પડે છે. સદર ફીડર જયોતિગ્રામ હોય, કામગીરી માટે જ ફીડર બંધ કરવામાં આવે છે. ફોલ્ટ રીપેર થયેથી તાત્કાલીક વીજપુરવઠો ચાલુ કરી દેવામાં આવે છે. વધુમાં પાવર સપ્લાય બંધ કરતા પહેલા વીજ ગ્રાહક શ્રી ઈશાન ગાંધી ને જાણ પણ કરવામાં આવે છે.

૨.૩ નાયબ ઈજનેર, ધોકડવાના પત્રમાં જણાવ્યા મુજબ આકસ્મીક ફોલ્ટ હોય તે સમય વીજ પ્રવાહ બંધ થાય તેની જાણ કરવાનું સંભવ રહેતું નથી તે સિવાય તેઓને આ બાબતમાં જણાવેલ છે. વરસાદ તથા પવન વધારે હોય ત્યારે વીજ ફોલ્ટ સર્જાય છે અને પાવર સપ્લાય બંધ કરવાની ફરજ પડે છે, જેમાં વીજગ્રાહક શ્રી ઈશાન ગાંધીને કોઈ નુકશાન થાય તેવો કોઈ ઈરાદો હોતો નથી પરંતુ સદર ૧૧ કેવી ફીડરમાં આવતા તમામ ગ્રાહકોને સેવા અને સંતોષ પુરો પાડવા માટેનું એકમાત્ર ઉદ્દેશ્ય હોય છે.

૨.૪ વધુમાં ધોકડવા ના.ઈ.ના પત્રમાં જણાવ્યા અનુસાર સોમનાથ જયોતિગ્રામ ફીડર સાથે ભડીયાદર ખેતીવાડી ફીડર ક્રોસિંગનો સર્વે કરી, ચાર ક્રોસિંગ દુર કરવામાં આવેલ છે બાકી રહેતા ક્રોસિંગ માટે પ્રોજેકટ તૈયાર કરી મંજુરી લઈ કામ કરવામાં આવનાર છે. ઉપરાંત વિભાગીય કચેરીના નાયબ ઈજનેરશ્રીનાં સુપરવિઝન હેઠળ તા.૧૦.૧૨.૧૯ ના સદર ગ્રાહકના વીજજોડાણના ટેપિંગ આગળ ગેંગ સ્વીચ મુકેલ, જેથી સેકશન કરી લાઈનકામ થઈ શકે અને સદર ગ્રાહકને વીજપુરવઠો ચાલુ રહી શકે તેમ કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

૨.૫ ધોકડવા ના.ઈ.નાં પત્રમાં જણાવ્યા અનુસાર સોમનાથ જેજીવાય ફીડરમાં વાયરના ઢીલા ગાળા ખેંચવા, નવીન જમ્પર, નડતરરૂપ ઝાડની ડાળીઓ વગેરે કામગીરી કરાવેલ છે અને જેથી સદર ફીડરના ટીટી પીએફમાં પણ ઘટાડો થવા પામેલ છે, જે આંકડા નીચે મુજબ છે.

૧૧ કેવી સોમનાથ જયોતિગ્રામ ફીડર :–

| ક્રમ | માસ | ટીટી | પીએફ | સમયગાળો | રીમાર્ક |
|---|---|---|---|---|---|
| ૧ | એપ્રિલ–૧૯ | ૨૦ | ૫ | ૪ : ૫૦ કલાક | સદર સમયગાળામાં વરસાદી વાતાવરણને લીધે લાઈન ફોલ્ટ માટે લીધેલ લાઈન |
| ૨ | મે–૧૯ | ૧૭ | ૫ | ૫ : ૨૦ કલાક | |
| ૩ | જુન–૧૯ | ૧૫ | ૬ | ૫ : ૩૦ કલાક | |

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪ | જુલાઈ–૧૯ | ૧૬ | ૫ | ૩ : ૦૫ કલાક | ક્લીયરનો સમયગાળો પણ સામેલ છે. |
| ૫ | ઓગસ્ટ–૧૯ | ૨૦ | ૪ | ૫ : ૧૦ કલાક | |
| ૬ | સપ્ટે–૧૯ | ૧૯ | ૬ | ૬ : ૨૦ કલાક | |
| ૭ | ઓક્ટો–૧૯ | ૧૦ | ૨ | ૨ : ૦૦ કલાક | |
| ૮ | નવે.–૧૯ | ૬ | ૨ | ૧ : ૪૫ કલાક | |

વધુમાં સદર ફીડરનો સંપુર્ણ સર્વે કરી કરવાપાત્ર થતી સમારકામની કામગીરીનો અહેવાલ તૈયાર કરી, શટડાઉનના દિવસે આગોતરૂ આયોજન કરી કામગીરી પુર્ણ કરવા માટે નાયબ ઈજનેર, ધોકડવાને સુચના આપવામાં આવેલ છે, જેથી હવે પછી સદર પ્રકારની ફરીયાદ ના ઉદભવવા પામે.

૨.૬ આમ, હાલ ફરીયાદનું નિરાકરણ આવેલ હોય અને ફરીયાદ સંદર્ભે કરેલ કાર્યવાહીનો નાયબ ઈજનેર, ધોકડવાનો પત્ર આ સાથે સામેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર ઈશાન ગાંધી કેમી કોલોઈડસનાં નામનું ૯૮ KW નું ઔદ્યોગીક વીજજોઢડાણ ગામ–કંસારી, તા.ઉના માં ધરાવે છે.

૩.૨ વાદીની ફોરમને રજુઆત છે કે તેઓનાં ઔદ્યોગીક વીજજોડાણમાં વારંવાર પાવર સપ્લાય ખોરવાઈ જાય છે તેમજ પાવર સપ્લાય બંધ થયા અગાઉ કોઈ માહીતી પીજીવીસીએલ ની કચેરીમાં ફોન કરવા છતાં આપવામાં આવતી નથી અને પાવર સપ્લાય બંધ થયા બાદ કયારે ચાલુ થશે તે માટે કોઈ યોગ્ય જવાબ પીજીવીસીએલ કચેરી તરફથી આપવામાં આવતો નથી તેમજ મોટા ભાગે પીજીવીસીએલનાં લોકલ અધિકારી કે કર્મચારી ફોન રીસીવ કરતા નથી.

૩.૩ તા.૨૧.૧૦.૧૯ ના રોજ સુનાવણી દરમ્યાન પ્રતિવાદીએ અધુરો જવાબ ફોરમને આપેલ તેથી ફોરમે પ્રતિવાદીને વાદીનાં વીજજોડાણવાળા ૧૧ કે.વી. સોમનાથ જે.જી.વાય. ફીડરનાં ઈન્ટરપ્શન રીપોર્ટ, તેના પર કરવામાં આવેલ મેઈન્ટેનન્સ કામનો રીપોર્ટ અને સોમનાથ જે.જી.વાય. ફીડસમાં બીજા ફીડર્સનાં હયાત ક્રોસિંગ અને ક્રોસિંગ રીમુવ કરવા માટે કરેલ કાર્યવાહી અંગેનો સંપુર્ણ રીપોર્ટ સાથેનો રીપોર્ટ પછીની મુદતમાં આપવા સુચના આપેલ. તા.૨૧.૧૨.૧૯ ના રોજ સુનાવણી દરમ્યાન પ્રતિવાદીએ ફોરમને રજુ કરેલ રીપોર્ટનાં મુખ્ય અંશ નીચે મુજબ છે.

૧) વાદીનાં વીજજોડાણને ૧૧ કે.વી. સોમનાથ જે.જી.વાય. ફીડર માંથી વીજપુરવઠો આપવામાં આવે છે, સોમનાથ જે.જી.વાય. ફીડરમાં બીજા ખેતીવાડી ફીડરોનાં આશરે ૩૦ જેટલા ક્રોસિંગ હયાત છે તેમજ ચાર ક્રોસિંગ રીમુવ કરવામાં આવેલ છે. ખેતીવાડી ફીડરમાં HVDS પ્રોજેકટનાં કામો હાથ ઉપર હોય, વાદીનાં વીજજોડાણ પહેલા મુકવામાં આવેલ મેઈન સ્વીચ કાપવાથી વાદીનાં વીજજોડાણનો વીજપુરવઠો બંધ થતો હતો આથી ઉના પેટા વિભાગીય કચેરી દવારા મેઈન સ્વીચનું લોકેશન વાદીનાં વીજસ્થાપન પછી કરવાથી વાદીનાં વીજ સ્થાપનનો વીજપુરવઠો વારંવાર ન કપાઈ તેવી તકેદારી રાખવામાં આવે છે.

Grievance Redressa
P.G.V.C.L.
Bhavnaga

એગ્રી. ફીડરનાં સોમનાથ જે.જી.વાય. ફીડર સાથેનાં આશરે ૩૦ ક્રોસિંગને રીમુવ કરવા માટેનો પ્રોજેકટ તૈયાર કરી પીજીવીસીએલની ઉપલી કચેરીને મંજુરી માટે મોકલેલ છે જેથી ક્રોસિંગ ને કારણે થતાં વીજ વિક્ષેપ નિવારી શકાય.

સોમનાથ જે.જી.વાય. ફીડરમાં વાયરનાં લુઝ સ્થાપનનું રી–સ્ટ્રીગીંગ, નવા જમ્પર તેમજ ટ્રી કટીંગની કામગીરી પુર્ણ કરેલ છે જેથી કરીનેસોમનાથ જે.જી.વાય. ફીડરનાં T.T. અને પરમેનન્ટ ફોલ્ટની સંખ્યા ઓછી થઈ છે તે ઉપરાંત જુનથી સપ્ટેમ્બર માસ દરમ્યાન સતત વરસાદને કારણે પણ વીજ વિક્ષેપ વધારે પ્રમાણમાં થયેલ.

૩.૪ વાદી અને પ્રતિવાદી બન્નેની રજુઆતને ધ્યાનમાં લઈ પ્રતિવાદીને નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

૧) જે.જી.વાય. અને ખેતીવાડી ફીડરનાં હયાત ૩૦ ક્રોસિંગ રીમુવ કરવા માટે કાર્યવાહી ઝડપથી હાથ ધરી અને પુર્ણ કરવી.

૨) ૧૧ કે.વી. જે.જી.વાય. સોમનાથ ફીડરનું સમયાંતરે મેઈન્ટેનન્સ કરવું.

૩) ૧૧ કે.વી. જે.જી.વાય. સોમનાથ ફીડરનો પાવર સપ્લાય બંધ કરતાં પહેલા (આકસ્મિક સજોગો સિવાય) વાદીને અગાઉથી તારીખ, સમય અને પુરવઠો બંધ રહેવાનો ગાળો સહીતની માહીતી ફોન દવારા જાણ કરવી અને તેનો ચુસ્તપણે અમલ કરવો, કારણકે વાદીનાં ઔદ્યોગિક જોડાણની પ્રોસેસ ડ્રાયર અને હીટરને આધારીત હોય અચાનક વીજપુરવઠો બંધ થવાથી વાદીને નાણાકીય નુકશાન થવાની શકયતા ન રહે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૪ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એન. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.

તારીખ :– ૨૧.૧૨.૨૦૧૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar